May 2019

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 13 ● Issue 07 / 147
● Mumbai ● Page 20 ● Price Rs. 2/-
● RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

**શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર**

ટેલિફોન : 22811346 ● 22811218 ● Mobile: 9167902267 ● www.patanmandal.org ● Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



**"કર્યા વગર કંઈ મળતું નથી અને કરેલું ક્યારેય ફોગટ જતું નથી".** સંસારની દરેક પ્રવૃત્તિઓમાં આ વાક્યની અભિવ્યક્તિ કાર્ય કરે જ છે. ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, રાજકીય કે પછી વ્યવસાયિક પ્રવૃત્તિમાં કરેલ પુરુષાર્થ વહેલો - મોડો ફળ રૂપી પ્રત્યાઘાત આપી લક્ષ્ય સિદ્ધ કરવામાં મદદરૂપ થાય છે, પરંતુ પુરુષાર્થજ ન કરીએ તો સિદ્ધિની આશા રાખવી વ્યર્થ છે.

શ્રી પાટણ જૈન મંડળના માધ્યમથી આપણા સમાજમાં શૈક્ષણિક, મેડિકલ, સાંસ્કૃતિક અને સમાજ ઉન્નતિની પ્રવૃત્તિઓ સતત ચાલ્યા કરે છે. બદલાતા સમય અને સંજોગો પ્રમાણે તેમાં ફેરફાર થતાં રહે છે, પરંતુ આ સર્વે પ્રવૃત્તિઓ પાછળનો હેતુ **સમાજમાં ભાઈચારો વધે, સમાજના સૌ સ્વાશ્રયી તેમજ આર્થિક રીતે સ્વાવલંબી બને અને સમગ્ર સમાજની વધુને વધુ ઉન્નતિ થાય તે આશયથી તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે વર્લી NSCI Domeમાં આપણા સમાજનો "ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર" આયોજ્યો છે.** આ આયોજન બહોળા પ્રમાણમાં હોઈ એક દિવસના બદલે બે દિવસનું આયોજન નક્કી કરેલ છે. ભાગ લેનારા સૌને સમય, શક્તિ અને આર્થિક રોકાણની સામે મહત્તમ લાભ મળે અને સૌને ઓછા ખર્ચમાં વધુ સમય મળી શકે એટલે બે દિવસનું આયોજન કર્યું છે.

આ આયોજન માટેની જુદી-જુદી કમિટિઓ તેમજ તેના કન્વીનરોની રચના થઈ ગઈ છે. લગભગ ૧૮૫ સ્ટોલો ગોઠવી શકાશે અને તે અંગેના ફોર્મનું વિતરણ તા. ૧૫ જૂન પછી પાટણ જૈન મંડળની ઓફિસમાંથી થશે. પોતાના ઉદ્યોગો વિકસાવવા ઈચ્છુક તેમજ સમાજના સભ્યોને આર્થિક રીતે સ્વાવલંબી બનવામાં મદદરૂપ થવા ઈચ્છુક સર્વેએ આ ઉમદા તકનો મહત્તમ લાભ લઈ સ્ટોલ બુક કરાવવા આગળ આવવું તેવો મારો નમ્ર અનુરોધ છે.

ટ્રેડફેરના માધ્યમથી વેપારી સંબંધો વિકસે છે - પોતાના પ્રોડક્ટો અને બ્રાન્ડની બહોળી પ્રસિદ્ધિ થાય છે અને ગૃહઉદ્યોગ ચલાવતા સભ્યો તેમના પ્રોડક્ટની જાણ અનેકોને આ બે દિવસમાં કરી શકશે.

શતાબ્દી ઉજવણી નિમિત્તે આ વખતે યોજાયેલ બે દિવસનો **ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર** સમગ્ર સમાજના ઉત્કર્ષ માટે સીમાચિન્હ બની રહેશે. મને વિશ્વાસ છે આપણો શિક્ષિત સમાજ સૌના સહકારથી લક્ષ્ય સિદ્ધ કરશે જ. **પટ્ટણીઓના લાભ માટે રખાયેલ આ આયોજનમાં સ્ટોલોનું ભાડું બજારભાવ કરતા ૭૫ ટકા ઓછું છે,** સમાજના સૌ આનો લાભ લે અને પોતાની સારી ગુણવત્તાની પ્રોડક્ટ ઓછો નફો રાખી સ્ટોલમાં રાખશે તો વપરાશકારોની મોટી માર્કેટમાં પ્રવેશવા અને પ્રખ્યાત થવા સારો મોકો છે.

આપણા સમાજની **"યલો પેજ"** ડિરેક્ટરી બનાવવાની છે તે માટે **આ અંકના પાના નં. ૮ પર આપેલ ફોર્મ ભરીને** આપ પણ આપની પ્રવૃત્તિ - વ્યવસાયિક કે સામાજિક માહિતી સંસ્થાને ત્વરીત મોકલશો. મારી સમાજના સૌને વિનંતી છે કે **પ્રતિબિંબમાં પ્રકાશિત થતાં તેમજ Online ભરવાના ફોર્મ પરિવારના સૌ ધ્યાનથી વાંચી ત્વરીત ભરીને મોકલી આપશો જેથી સંસ્થાના કાર્યકરોનો જુસ્સો જળવાઈ રહે. ફોર્મ ભરાવવા માટે કાર્યકરોએ વિનંતીઓ ન કરવી પડે પણ ફરજ સમજી સાથ-સહકાર આપશો એવી અપેક્ષા છે.**

શતાબ્દી ઉજવણી નિમિત્તે આપણે મુંબઈ તેમજ પરા વિસ્તારમાં પ્રોગ્રામો રાખવા નક્કી થયેલ તેને અનુલક્ષીને **તા. ૧૪-૦૭-૨૦૧૯ના બોરીવલી, પ્રબોધનકાર ઠાકરે સભાગૃહમાં એક કાર્યક્રમ રાખવામાં આવેલ છે.** આ કાર્યક્રમોની વિગત છેલ્લા પાના પર પ્રસિદ્ધ કરાયેલ છે. ગત રવિવાર તા. ૨૧-૦૪-૨૦૧૯ના રોજ ભાયંદર - તપોવન વિદ્યાલયમાં બોરીવલીથી વસઈના આમંત્રિત સભ્યો માટે યોજેલ સેમિનાર સુંદર રીતે સંપન્ન થયેલ. **હાજર સૌને મેડિક્લેઈમ પોલીસી લેવા તેમજ તેનો યથાર્થ ઉપયોગ કરવા માટેની માહિતી શ્રી રથીનભાઈ વારૈયાએ સુંદર રીતે આપી હતી. ઉપપ્રમુખશ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહે સમાજ ઉત્કર્ષ સમિતિની કામગીરીનો ખ્યાલ આપ્યો** ત્યારે હાજર રહેલ સ્થાનિક સભ્યોએ ભાવુક બની જણાવ્યું કે, મંડળ જો અમારા માટે આટલું બધું કરે અને અમે વિકાસ ન સાધીએ તો હવે અમારો વાંક દેખાશે. આ કાર્યક્રમને સફળ બનાવવા મલાડ-બોરીવલી-ભાયંદર તેમજ વસઈના કાર્યકરોએ લીધેલ જહેમત બદલ સૌનો આભાર માનું છું.

❑ દિનેશ શાંતિલાલ શાહ

# પાટણ તેમજ શ્રી પાટણ જૈન મંડળનું ગર્વ



ડૉ. શ્રી યશવંતભાઈ ઝવેરી

પાટણ, સિદ્ધચક્રની પોળના **શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી (ઉં.વ. ૭૭) પુ. આ. શ્રી ચંદ્રસુરી મહારાજ સાહેબના સંપર્કમાં વર્ષ ૨૦૧૨-૧૪ આવ્યા. પૂજ્યશ્રીના વ્યાખ્યાન કાળમાં વંદિત્તુ સૂત્ર જે ૬ આવશ્યકમાના પ્રતિક્રમણ આવશ્યક મહત્તા અને ગહનતાથી તેઓ પરિચીત અને પ્રભાવીત થયા. આપણા શ્રાવક ધર્મના ૧૨ વ્રતો અને કુલ ૧૨૪ અતિચારોની આલોચના આ સૂત્ર દ્વારા જીવનમાં કેવા ઉપયોગી છે તેની જાણ થતાં તેઓએ Ph.D કરવાનું નક્કી કર્યું.** શ્રી યશવંતભાઈ સાયંસ અને ટેક્નોલોજીની ડીગ્રી ધરાવતા હતા એટલે તેમને Philosophy માં Admission ન મળે. આથી તેઓએ તેમની કટિબદ્ધતા પૂર્ણ કરવા મુંબઈ યુનિવર્સીટીમાં Philosophy Enterance Test આપી પાસ થયા. ત્યારબાદ Philosophy Dept ના Arts Subject માં Admission લઈ વિષય તરીકે **''વંદિત્તુ સૂત્ર'' ઉપર Ph.D** કરવાનું જણાવ્યું ત્યારે આ વિષય વિશે ૪૦ પાનાનું Synopsis આપ્યું જેને યુનિવર્સિટીની કમિટિએ પાસ કર્યું. ત્યારબાદ **શ્રી યશવંતભાઈને ''વંદિત્તુ સૂત્ર'' વિશે Thesis લખવાની પરવાનગી મળી.**

હાલનું જનરેશન જૈન ધર્મના આ વિષયને સારી રીતે સમજી શકે તે માટે શ્રી યશવંતભાઈએ ૨૬૯ પાનાની તેમની Thesis અંગ્રેજીમાં લખી છે. શ્રી પાટણ જૈન મંડળના ઉપપ્રમુખ તરીકે સમાજ સેવામાં અને કેટલીયે ધાર્મિક પ્રવૃત્તિઓમાં વ્યસ્ત શ્રી યશવંતભાઈને તેમની આ સિદ્ધિ મેળવવા તેમના કુટુંબીજનો, પૂ. સાધુ -મહાત્માઓ તેમજ ધાર્મિક શિક્ષકોનો સુંદર સહકાર મળ્યો હતો. **ડૉ. શ્રી યશવંતભાઈનું દ્રઢપણે માનવું છે કે, "We can control our Uncontrolled Life by Controlling our wishes and desires with the help of Vandittu Sutra."**

શ્રી યશવંતભાઈએ ઉંમરને નજર અંદાજ કરી એક ધાર્મિક અભ્યાસી તરીકે મેળવેલ આ સિદ્ધિથી અનેક જૈન-જૈનેતરને અનુમોદના મળશે. **ડૉ. શ્રી યશવંતભાઈને** સમાજ તેમજ સંસ્થા તરફથી હાર્દિક અભિનંદન!

# સંસ્થા સમાચાર



મલાડ કાંદિવલી મિત્રમંડળના સંચાલકો અને આમંત્રિત મહેમાનો

**o મલાડ-કાંદિવલી પાટણ જૈન મિત્ર મંડળ :** દ્વારા આયોજીત મલાડ-કાંદિવલી પાટણ ક્રિકેટ લિગ ટુર્નામેન્ટ તા. ૫-૫-૨૦૧૯, રવિવારના સ્મેશ અપ ટર્ફ, ચારકોપ, કાંદિવલી મુકામે રમાયેલ, જેમાં ૧૫૦ સભ્યોએ ભાગ લીધેલ હતો. જેમાં ભાઈઓની ૮ ટીમ અને બહેનોની બે ટીમો સામેલ હતી.

દરેક ટીમના પ્લેયર્સોને અલગ અલગ ટીશર્ટ સ્પોન્સર કરવામાં આવેલ અને વિજેતા ટીમોને બેસ્ટ બેસ્ટમેનનો, બેસ્ટ બોલરો અને વિજેતાઓને ટ્રોફી અર્પણ કરાયેલ.

આ કાર્યમાં સાથ અને સહકાર આપનાર દરેક સભ્યોનો તથા સ્પોન્સર કરનાર લાભાર્થી પરિવારોનો આભાર માનવામાં આવે છે.

આ પ્રસંગે બપોરે નાસ્તો તથા સાંજે જમણની વ્યવસ્થા રાખેલ હતી. આ કાર્યક્રમમાં બોરીવલી મિત્ર મંડળના શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ, શ્રી મયુરભાઈ જૈન તથા શ્રી જીજ્ઞેશભાઈ ગીરીશભાઈ શાહ આમંત્રણ સ્વીકારીને ઉપસ્થિત રહ્યા હતા, તે બદલ મલાડ-કાંદિવલી મિત્રમંડળ તેઓનો આભાર માને છે.

❑ **મલાડ-કાંદિવલી મિત્ર મંડળ**

**તંત્રી સ્થાનેથી...**

## સબકા સાથ, સબકા વિકાસ, સબકા વિશ્વાસ

નેતામાં નિઃસ્વાર્થપણું હોય, સેવાની તમન્ના હોય, લોકોના સુખ માટે કંઈક કરી છૂટવાની ભાવના હોય, સશક્ત- સંપન્ન રાષ્ટ્ર નિર્માણ માટે હૃદયમાં એક સ્વપ્નું હોય તો પ્રજામાં એનો પડઘો પડ્યા વિના રહેતો નથી. લગભગ બે મહિના સુધી ચાલેલ અને ૬૫ કરોડથી વધુ મતદાતાઓ જેમાં જોડાયા હતા, એ ચૂંટણીના પરિણામો તા. ૨૩ મે ના દિવસે આવી ગયા. ભા.જ.પા.નો જયજયકાર થઈ ગયો. લોકસભાની આ ચૂટણીમાં ભાજપ સૌથી મોટા પક્ષ તરીકે ઉભરશે એ સ્પષ્ટ હતું પરંતુ ભાજપને ૩૦૦થી પણ વધુ બેઠક મળશે એવી ધારણા ન હતી. આ પરિણામોએ સાબિત કર્યું છે કે દેશના લોકોને શ્રી નરેન્દ્ર મોદીનું નેતૃત્વ પસંદ છે. ભાજપના ચૂંટણી પ્રચારમાં કેન્દ્ર સ્થાને નરેન્દ્ર મોદી અને શ્રી નરેન્દ્ર મોદીએ ગત પાંચ વર્ષમાં કરેલી કામગીરી હતી. આ રીતે **આ ચૂંટણી એ આખો ‘વન મેન શૉ’ જ હતો, ને લોકોએ આ વન મેનને સહર્ષ વધાવી લીધા છે.**

સમાજના નાનામાં નાના માણસ સુધી સરકારી સહાય પહોંચે અને તેનું જીવન સુખરૂપ થાય એ શ્રી મોદીનો ગત પાંચ વર્ષના શાસનનો સાર હતો. આ ઉદ્દેશ સાર્થક કરવા શ્રી મોદીએ એવી યોજનાઓ અમલી બનાવી જેનો સીધો લાભ સામાન્ય અને ખાસ તો સમાજના ગરીબમાં ગરીબ પરિવારોને મળે. એક પણ રૂપિયો બેન્કમાં મૂકયા વગર ગરીબો ખાતું ખોલાવી શકે તે માટેની **જન ધન યોજના,** મધ્યમ વર્ગના લોકોને રાહતના દરે પોતાનું ઘર બનાવવામાં મદદરૂપ થવા માટેની **પ્રધાન મંત્રી આવાસ યોજના,** ગ્રામીણ વિસ્તારોમાં ચોવીસ કલાક વિજળી આપવા માટેની **દીનદયાલ ઉપાધ્યાય ગ્રામ જ્યોતિ યોજના,** રાહતના દરે દવાઓ મેળવવા **જનઔષધિ યોજના,** સામાન્ય લોકોને રાહત દરે દાક્તરી સારવાર આપવા માટેની **આયુષ્યમાન ભારત યોજના,** ગરીબ પરિવારોને રાંધણ ગેસની સુવિધા આપતી **ઉજ્જવલા યોજના** તેમજ **એક કદમ સ્વચ્છતાકી ઓર** હેઠળ ગામડે ગામ વસતા પરિવારો માટે ઘરમાંજ ટોયલેટ બાંધવા આર્થિક સહાય, વાર્ષિક માત્ર રૂા. ૧૨નું પ્રિમિયમ ભરી બે લાખના સુરક્ષા કવચની યોજનાઓ મુખ્ય હતી.

**જાતી, ધર્મ કે વર્ગના ભેદભાવ વગર ઉપર્યુક્ત યોજનાઓનો અમલ થવાથી રાષ્ટ્રના ગરીબ, દલીત વર્ગની જનતાને સરકાર દ્વારા થઈ રહેલ કાર્યોની સ્વયં અનુભૂતિ થઈ હતી જેનું આ પરિણામ હતું.**

‘ત્રિપલ તલાક’ સંબંધે મુસ્લિમ મહિલા તરફી કાયદો બનાવી તેમને મુસ્લીમ મહિલાઓને સમાનતા અને આત્મ સન્માનની કાનૂની ઓથ અપાવી. કેટલાક કટ્ટરવાદીઓની નારાજગી વહોરીને પણ શ્રી મોદીની સરકારે મુસ્લીમ મહિલા અને પુરુષ વચ્ચેની અસમાનતા દૂર કરવા હિંમ્મત ભર્યું કાર્ય કરી, ન કેવળ મુસ્લીમ મહિલાઓ પરંતુ ભારતીય નારીઓના હૃદયમાં ‘આદર’નું સ્થાન પ્રાપ્ત કર્યું.

**પુલવામાં ખાતે આપણા જવાનો પર થયેલ ત્રાસવાદી-આત્મઘાતી હુમલાનો જડબાતોડ જવાબ પાકિસ્તાનના બાલાકોટમાંના ત્રાસવાદી અડ્ડા પર હવાઈ હુમલો કરીને અપાયો. માત્ર ૪૮ કલાકમાં વિંગ કમાન્ડર અભિનંદનને ગર્વભેર સ્વદેશ પરત લાવવાની મોદી સરકારની સફળ ચાણક્ય નિતિએ દેશના અબાલ-વૃધ્ધ સૌના દિલો-દિમાગ જીતી લીધા.**

**આ વખતની ચૂંટણીમાં જાતી કે ધર્મને બાજુ પર મુકી મહદ અંશે સૌએ દેશના વિકાસને તેમજ સક્ષમ નેતૃત્ત્વને મહત્વ આપી મતદાન કર્યું અને ધર્મ આધારિત રાજકારણને તિલાંજલિ આપી. કર્મ આધારિત વિચારધારાને મતદારોએ સ્વીકારી તે આ ચૂંટણીની મોટી ઉપલબ્ધી કહી શકાય. શ્રી નરેન્દ્રભાઈ મોદીના વ્યક્તિત્વમાં રાજકારણી અને આધ્યાત્મિકતા એ બંન્નેનો સમન્વય છે.** સમયનો પ્રમાદ કર્યા વગર સતત પુરુષાર્થ દ્વારા જનહીત અને સશક્ત રાષ્ટ્ર નિર્માણના કાર્યો તેઓશ્રી મક્કમતા અને નિડરતાથી કરતા હોય છે. **તેમના સંકલ્પો સિદ્ધ કરવા પ્રભુ તેઓશ્રીને તંદુરસ્તી સાથે દીર્ઘઆયુ બક્ષે એજ અભ્યર્થના!!**

## સુરત હોય કે મુંબઈ-કાગડા બધેજ કાળા..

તા. ૨૪ મે, શુક્રવારે સુરતના તક્ષશીલા આર્કેડમાં ગેરકાયદે બંધાયેલ ચોથે માળે ચાલતા ટ્યુશન ક્લાસમાં આગ પ્રસરી જતા ક્લાસમાં હાજર ૨૨ જણાના ગુંગળામણથી કમકમાટી ભર્યા મોત થયા. થોડા વર્ષો પહેલા મુંબઈની કમલા મીલ કંપાઉન્ડની રેસ્ટોરન્ટમાં થયેલ ગમખ્વાર દુર્ઘટના જેવીજ ઘટના. બન્નેમાં કેટલાક સરકારી અધિકારીઓના ભ્રષ્ટ - આચારના કારણે નિર્દોષોની જાનહાની થઈ.

અગાઉ ૧૬મી, નવેમ્બર ૨૦૧૮ના રોજ પણ સુરતના વેસુના આગમ આર્કેડમાં ચાલતા ટ્યુશન ક્લાસમાં આવીજ દુર્ઘટનાથી બે જણાના મૃત્યુ થયા હતા. **“આવા બનાવોથી બોધ લઈ જનસુરક્ષાના પગલા લેવાના બદલે કેટલાક સરકારી કર્મચારીઓ ‘પૈસા કમાવવા’ નિયમો પ્રતિ દુર્લક્ષ સેવે છે તેથી નિર્દોષોના જાન જાય છે.”** શાસને પણ દોષી અધિકારીઓ પર ફોજદારી ગુન્હા દાખલ કરી દ્રષ્ટાંતરૂપ સખ્ખત કાનૂની સજા અપાવવી જોઈએ ત્યારેજ સરકારી બાબુઓની બેજવાબદારી ને લીધે સર્જાતી આવી ગોઝારી ઘટનાઓનો અંત આવી શકે.

સામાન્ય રીતે આવી દુર્ઘટનાઓ વખતે ફાયર બ્રિગેડ આવતા પહેલાજ સ્થાનિક લોકો મદદરૂપ થતાં હોય છે પરંતુ વર્તમાનમાં આવા સમયે કેટલાકો બચાવ કાર્યમાં સામેલ થઈ સહાયક થવાને બદલે વિડિયો ઉતારવામાં વ્યસ્ત હતા. તેમને અનુલક્ષી વોટ્સએપ પરની માર્મિક ટકોર ઉંડો વિચાર માંગી લે છે.

**“મળ્યુ નહીં ચાર ગજ કપડું; કપડાના શહેરમાં,**
**ઝીલવાના હતાં જીવને, ઝીલ્યાં તમે મોબાઈલમાં...”**

❑ **સંપાદક સમિતિ**

## ટ્રેડફેરના મુખ્ય આકર્ષણ

o સમાજના સૌને પરવડી શકે અને સમાજ ઉત્કર્ષનોજ હેતુ હોવાથી સંસ્થાએ સમાજના સભ્યો માટે સ્ટોલના સબીસીડાઈઝ ભાવ બજાર ભાવ કરતા ૭૫%થી પણ ઓછા રાખેલ છે.

o બ્રાન્ડ ઊભી કરવા, પ્રોડક્ટને પ્રખ્યાત કરવા તેમજ વ્યાપારી સંબંધો વિકસાવવાની સુંદર તક છે.

o ટ્રેડફેરના આયોજન માટે મુંબઈ મહાનગરીના મધ્યમાં આવેલ સ્થળ NSCI Domeની પસંદગી કરાયેલ છે.

o સ્ટોલ ધારકોએ ઓફર કરેલ કન્સેશન ઓફરની જાહેરાત વિશાળ LED Screen ઉપર પ્રસારીત કરવામાં આવશે.

o ટ્રેડફેર દરમ્યાન મર્યાદિત સમય માટે મનોરંજન તથા અન્ય કાર્યક્રમોનું પણ સમયાંતરે આયોજન થશે તેની માહિતી Whatsapp or E-mail દ્વારા તેમજ આયોજન સ્થળે LED Screen દ્વારા આપવામાં આવશે.

o સ્ટોલ ધારકોની માહિતી પુરી પાડતી પુસ્તિકાનું વિતરણ કરવામાં આવશે. તેમજ મંડળની વેબસાઈટ પર પણ અગાઉથી જાણી શકાશે.

o લક્કી ડ્રોનું આયોજન

o ટ્રેડફેરની મુલાકાત માટે ખ્યાતિવંત મહાનુભવો તેમજ કલાકરોને આમંત્રીત કરવામાં આવશે તેની માહિતી પણ વેબસાઈટ ઉપર મુકવામાં આવશે.

o સોશિયલ મિડિયા તેમજ પ્રિન્ટ પબ્લિસીટી કરવાથી આશરે ૧૫,૦૦૦ ભાઈબહેનો ટ્રેડફેરની મુલાકાત લેશે તેવો અંદાજ છે.

o મુલાકાતીઓ માટે ફોટો ગેલેરી પણ વિચારણા હેઠળ છે.

o મુંબઈના અન્ય ગુજરાતી સમાજો તેમજ વ્યાપારી અને ઔદ્યોગિક એસોશિએશનોને પણ ખાસ નિમંત્રણ પાઠવવાના છે. પીવાના પાણીની તેમજ ફુડ સ્ટોલોની સુંદર વ્યવસ્થા.

o વેલે કાર પાર્કીંગની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

o મંડળ દ્વારા યોજાયેલ આ ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર''માં સમાજના વધુમા વધુ પરિવારો જોડાય તેવા આયોજન કરવામાં આવશે.

## "SHARK TANK" for Startups

In this era of digital and technological revolution Startups (likes of OLA ,SWIGGY and ZOMATO) are turning in to UNICORNs (a billion dollar company).

Patan Jain Mandal recognising the current need of these entrepreneurial spirits and hence to encourage them ahead and to convert their ideas into reality, PJM will provide them platform in the upcoming INDUSTRIAL TRADE FAIR.

Anyone group of persons can register themselves for P-for-P trade fair, to be held on 14th & 15th September, 2019 at NSCI DOME by uploading complete detail project plan online at

(Link:www.patanmandal.org/businessdirectory)

These ideas will then be evaluated by a team of highly educated and competent people.

The deserving ones will again have an opportunity to present their ideas in detail to the larger evaluation team at the TRADE FAIR.

The top two most deserving ideas will be provided adequate financial backing, as a loan thru Patan Jain Mandal.

Also, a prize money along with trophy will be provided to the top two winners and necessary publicity will be given in PRATIBIMB.

PJM is calling young educated, energetic, intelligent, talented Patni's to turn their dreams and aspirations into reality.


**શ્રી પાટણ જૈન પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** • **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/-** • **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ**

ADVT

# TRADE & INDUSTRY FAIR 2019

*Oroganised by*

## Shree Patan Jain Mandal

### A golden opportunity for entrepreneurs and talented individuals to showcase their business and skills and increase their market reach

### 14th & 15th September 2019, 11.00 am to 8.00 pm

### Best Venue: NSCI DOME, WORLI, MUMBAI.

આ વર્ષ શ્રી પાટણ જૈન મંડળની શતાબ્દી ઉજવણીના વર્ષ તરીકે આપણે ઉજવી રહ્યા છીએ. આ પ્રસંગની ભવ્ય ઉજવણીમાં સમાજના દરેક પરિવારજનો આત્મિયતાથી જોડાય એ દ્રષ્ટિએ જુદા જુદા આયોજનો થવાના છે. **તા. ૧૪ અને ૧૫મી સપ્ટેમ્બરે યોજેલ ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર''** એજ દિશા તરફનું મહત્વનું કદમ છે. સમાજના સભ્યો તેમજ પરિવારો જે પણ નાના-મધ્યમ કે મોટા વ્યવસાય સાથે સંકળાયેલ હોય તેમના **ધંધા-રોજગાર તેમજ વ્યવસાયના વિકાસ (Growth), વિસ્તાર (Expansion) અને જાહેરાત (Publicity) માટે ટ્રેડફેરનું આયોજન કરવામાં આવ્યું છે. સભ્યોના રોજિંદા ધંધા-વ્યવસાય માટે જ સ્ટોલ આપવાનું વિચાર્યું છે. એક કે બે દિવસના ક્ષણિક લાભ લેવાવાળાને બાજુ પર રાખી લાંબાગાળાના ફાયદા અપાવવા આપણા સમાજના નવા Enterprenurs અને વર્ષોથી ધંધો-વ્યવસાય કરતી વ્યક્તિઓને માટે બે દિવસના ટ્રેડફેરનું આયોજન એ પણ NSCI-Dome જેવા મોકાના સ્થળે રાખવામાં આવ્યું છે.**

આ પૂર્વે ત્રણ ટ્રેડફેર થઈ ચુક્યા છે, દરેક વખતે પુર્વ અનુભવથી શીખી આપણે અગાઉ કરતા વિશાળ ફલક પર આયોજનો સફળતા પૂર્વક કર્યા. આપણા સમાજનો વ્યવસાયી કે ધંધો કરતો સામાન્ય માણસ સ્વાવલંબી બને એજ પૂરતું નથી એ કઈ રીતે મહિને એની જરૂરિયાતથી અનેક ગણું કમાઈને લક્ષ્મી સારા માર્ગે વાપરી શકે એ દ્રષ્ટિ રાખી આપણા સભ્યો કઈ રીતે મોટા ધંધા, ઉદ્યમ કરી શકે અને તેમ કરવા માટેની ભૂમિકા ભજવવા અનુકૂળ પ્લેટફોર્મ પૂરુ પાડવાનું આયોજન એટલે **''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર''** આ આયોજનના સપોર્ટમાં ટ્રેડ ડિરેક્ટરી **Yellow page** બહાર પડશે એ સિવાય બહોળા પ્રમાણમાં સોશિયલ તેમજ ઈલેક્ટ્રોનિક મિડિયા દ્વારા પ્રચાર કરાશે.

***સમાજના ગોલ્ડ એન્ડ ડાયમન્ડ જ્વેલરીનું હોલસેલ-રીટેલ કામ કરવા વાળાઓ, રીયલ એસ્ટેટ (બિલ્ડરો) સ્ટોક બ્રોકીંગ, ઈમિટેશન જ્વેલરી, ફાઈનાન્સ - કન્સલટન્ટ, રેડીમેડ ડ્રેસ, ડ્રેસ મટિરીયલ, ફર્નિચર, ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ, હેન્ડબેગ, બટવા, પર્સ, ગિફ્ટ આઈટમ, પરફ્યુમ, રમકડા, ગારમેન્ટ એક્સપોટર્સ, ડિઝાઈનર ક્લોથ, ઈન્ટિરિયર અને ગ્રાફિક ડિઝાઈનર, ફાર્માસ્યુટીકલ્સ, કેમિકલ્સ, એન્જિનિયરીંગ ટુલ્સ, ઈલેક્ટ્રિક અને પાવર ટુલ્સ, કોર્પોરેટ ગિફ્ટસ, ખાખરા, પાપડ, વડી, કુકીસ, ચોકલેટ, મુખવાસ, મહેંદી, લેડીઝ બક્કલ-પીન્સ, ડિસ્ટ્રીબ્યુટર્સ, હોલસેલર, કોકરી તેમજ લઘુ અને મોટા ઉદ્યોગો ચલાવતા ઉદ્યોગપતિઓ આ આયોજનોમાં સ્ટોલ રાખી સામેલ થશે.***

મુલાકાતીઓની તેમજ સ્ટોલધારકોની સુવિધાને ધ્યાનમાં રાખી આ વખતે શનિ અને રવિવાર આમ બે દિવસનું તા. ૧૪ અને ૧૫ સપ્ટેમ્બરે આયોજન કરેલ છે.

સમાજના યુવાનો માટે આ ઉમદા તક છે. આ માધ્યમથી સમાજના સભ્યો એકબીજાની વધુ નિકટ આવી આર્થિક ઉન્નતિ પ્રાપ્ત કરશે. આ ટ્રેડફેરમાં ભાગ લેવા અંગેનું ફોર્મ પાના નં. ૬ ઉપર છાપવામાં આવ્યું છે જે સંપૂર્ણ ભરી પૂર્ણ રકમનો ચેક નીચે જણાવેલ સરનામે મોકલી આપવા વિનંતી છે.

**FORMS COLLECTION & SUBMISSION CENTER**

**MARINE DRIVE:** PJM, HO, 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai 400020, Tel. : 22811346

**GOREGAON :** PJM, Goregaon, Roopam, 152 Jawahar Nagar, Goregaon (W), Mumbai 400062, Tel.: 28776090

**BORIVALI :** PJM, Borivali, 23/1, Ratan Nagar, D N Dube Marg, Borivali (E), Mumbai 400068, Tel.: 28911308

**BHAYANDER :** Nilesh Kantilal Shah, 201, Todi Bhavan, Modi Patel Rd., Bhayander (W), Thane 401101, Tel: 28183755

# TRADE & INDUSTRY FAIR 2019

## SHREE PATAN JAIN MANDAL

77, PATAN JAIN MANDAL MARG, MARINE DRIVE, MUMBAI-400020.

### at NSCI Dome, Worli on Sat. 14th & Sun. 15th September 2019

### Golden Opportunity for Patanis to Showcase their business and skills and increase their market reach

No. ..................

1. Full Name ______________________________
2. Mohallo ____________________ E-mail ____________________
3. Residential Address ______________________________
4. Contact Number ______________________________
5. Participated in PJM Trade Fair at Vile Parle? ☐ Yes ☐ No
6. Participated at Sahara Star? ☐ Yes ☐ No
7. Major categories :- Please ✓ below mention categories

   Jewellery ☐ Imitation Jewellery ☐ Cloth / Designer Wears ☐ Tours & Travels ☐ Food ☐

   Life Style / Leathers goods ☐ Finance / Insurance / Services ☐ Household _______________

   Others - Specify ____________________ Do you Manufacturer ? ____________________

**Stall Type (Width X Depth in Meters)**

| | | |
|---|---|---|
| o 2m x 2m : Rs. 12000 | o 4m x 2m : Rs. 32000 | o 4m x 3m : Rs. 48000 |
| o 2m x 2.5m : Rs. 15000 | o 3m x 3m : Rs. 36000 | o 5m x 3m : Rs. 60000 |
| o 3m x 2m : Rs. 18000 | o 5m x 2m : Rs. 40000 | o 6m x 3m : Rs. 72000 |

**NOTES**

- This is a general Trade & Industry Fair and will cover all products including Food (Jain items only), Jewellery, and all Services. There will be secured zone for Jewellery & Imitation Jewellery Exhibitors. Changing rooms will be provided for garment exhibitors.
- Submit the Form with full details & cheque as per the size of the stall selected by you.
- Exhibitors must submit their Forms along with full Cheques before 25th June 2019 at PJM or authorized office (See page 5 of this Pratibimb)
- Submission of Forms with cheque does not confirm the booking. Forms will be scrutinized by PJM Trade Fair Committee & only after selection, cheques will be deposited.
- Premium will be charged for prominent locations and for stalls having 2 or 3 sides.
- The charges are for two days. We expect double the visitors than previous Trade Fairs. Lots of possibilities of demonstrations and marketing since we will have stage with sitting facility.
- This time we have Reserved about 30 Stalls For Patani business and industry also. Please let us know if you went to book stall and the size there of Exhibitors will also have opportunity for display and show on large stage please let us have preferred time and duration of time slot required. This will be on chargeable basis.
- Also you can have your products graphics, Audio, Vidio etc. on Large LED Screen on chargable basis.

Date _______________ Signature ______________________________

# Digital Business Directory

## Yellow Pages of Patanis for Patani

**A Comprehensive compilation of all Manufactures, Traders, Business, Professionals & Service Providers**

**સમાજના વ્યાપારીઓ, ઉદ્યોગપતિઓ, વ્યવસાયિકો તેમજ ગૃહ ઉદ્યોગ દ્વારા વિવિધ રીતે આજિવીકા રળતા સભ્યોની શ્રી પાટણ જૈન મંડળ દ્વારા ''યલો પેજીસ ડિરેક્ટરી''નું ગઠન થઈ રહ્યું છે.** બદલાતી ટેક્નોલોજીનો મહત્તમ ઉપયોગ કરી સમાજના ઉદ્યમીઓ પોતાના ઉદ્યોગ તેમજ ઉદ્યમોમાં વધુ લાભ લઈ શકે તે હેતુથી આ ડિરેક્ટરી બની રહેશે. જેવી રીતે આ ડિજીટલ યુગમાં તમારી વેબસાઈટ એ તમારી પ્રવૃત્તિઓનું વિશાળ વિઝિટિંગ કાર્ડ બન્યું છે તેજ રીતે આ ડિજીટલ ડિરેક્ટરીના અનેક લાભ તેની અંદર વિગત આપનારાઓને થશે.

આ અંકમાં પાના નં ૮ પર પ્રકાશિત ફોર્મ તા. ૦૫-૦૭-૨૦૧૯ સુધીમાં સંપૂર્ણ વિગતોસહ કુરિયર, પોસ્ટ કે રૂબરૂ મરીનડ્રાઈવ, ગોરેગામ, બોરીવલી કે પાટણ ખાતેના કાર્યાલયોમાં મોકલાવી આપવું. તેમજ મંડળના મુખ્ય કાર્યાલયમાં ઈમેલ તથા ઓનલાઈન દ્વારા ફોર્મ ભરી મોકલી આપવા.

**''યલો પેજીસ''ના** માધ્યમ દ્વારા આપણા સમાજના વ્યાપારીઓ, વ્યવસાયિઓ તેમજ ઉદ્યમીઓ આપણા જ સમાજના વપરાસકારો (Consumer), ડિલરો અને ડિસ્ટ્રિબ્યુટરોને પુરક થઈ પડશે. સમાજના જાગૃત સભ્ય તરીકે આ **''યલો પેજીસ''માં** સમાજના દરેક એક્ટીવ સભ્યનું નામ અને પ્રવૃત્તિ પ્રકાશિત થાય તે આપણી ફરજ છે.

સમાજના સભ્યોને તેમની વ્યવસાયિક પ્રવૃત્તિઓ વધારી આર્થિક શીખરો સર કરવા (યલો પેજીસ)નો બહોળો ઉપયોગ એક પ્રકારે પ્રેરકબળ પૂરુ પાડશે.

**યલો પેજીસનું ગુગલ ફોર્મ** નીચે મુજબની લિન્ક દ્વારા પણ મળી શકશે, જે સંપૂર્ણ વિગતો સહ તા. ૦૫-૦૭-૨૦૧૯ સુધીમાં Online ભરીને મોકલાવવા ખાસ વિનંતી છે.

**Online Form: www.patanmandal.org/businessdirectory**

ફોર્મની સાથે આપનું વિઝિટીંગ કાર્ડ હોય તો અવશ્ય જોડવું.

આ ડિરેક્ટરીનું વિમોચન તા. ૧૪ સપ્ટેમ્બર, ૨૦૧૯માં સંસ્થા દ્વારા શતાબ્દી પર્વ પ્રસંગે યોજાયેલ ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર''માં કરવામાં આવશે.

**યલો પેજીસ ડિરેક્ટરી પ્રકાશન અંગેની સમિતિના સભ્યોની વિગત પાના નં. ૧૫ પર ફોન નંબર તથા ઈમેલ સાથે પ્રકાશિત કરેલ છે.**

**યલો પેજીસ ડિરેક્ટરી** અંગેની વિગતો સ્વૈચ્છિકપણે મેળવી આપવા સહાયક થવા ઉત્સુક સમાજના સેવાભાવી ભાઈ બહેનોએ વહેલી તકે સમિતિના કન્વીનરનો સંપર્ક સાધવો.

**In Keeping up with today's times Shree Patan Jain Mandal proudly announces its next endeavour.** The Patan Business Yellow Pages A Comprehensive compiletion of all Traders, Manufactures, Business, Professionals & Service Providers In this constantly changing technological world we will make this a Digital Interactive Directory.

As you are aware that **your website is now your visiting card** in this digital era, so the new Directory aims to have your profile links of your business to concisely and interactively accommodate in this Digital Directory **Titled Patani for Patani.**

In addition to the **Economic Prosperity,** PJM has always provided a Helping hand, when & where required which has brought Social harmony & Economic well-being of all. This Business Directory will have complete profile & details of all Businessowners, Professionals & Service Providers. Even the Home-Entrepreneurs having different Gruh Udyogs and talent will be included in this **All Comprehensive Directory.**

This tremendous effort by **PJM Trade & Industry Committee** will bear fruits only if all members actively and enthusiastically take part and fill up the attached Business Directory Form immediately. **Even better is to fill up this Form online for Easy and Quick Digitalization.** It will be a **One-stop Digital Directory** at your finger tips for all your needs.

You can also **fill online form at patanmandal.org/businessdirectory.** Kindly fill in all required details and submit online by July 05, 2019.

This directory shall be launched by Patan Jain Mandal on **Saturday, September 14, 2019** at the time of 2-Day Trade & Industry Fair, coinciding with the **Celebration of 106 years of Shree Patan Jain Mandal.**

**Sample Format for Directory**

| | | | |
|---|---|---|---|
| Name: Company Business<br>Product detail / Tag Line<br>Tel: ........................ Email: .......................................... | Your Website QR Code | 2 cm | ← 2 cm →<br>Passport size Photo or logo |

**Above box for QR Code is for your company's website.**

# Digital Business Directory – Yellow Pages

**for all Traders, Manufacturers, Businesses, Professionals, Service Providers**

(આપને ત્યાં આવતા પ્રતિબિંબના એડ્રેસ સ્ટિકર ઉપર પ્રથમ લાઈનમાં આવેલ નંબર એટલે ફેમિલી આઈ.ડી. નંબર)

Name of Person :________________ Mahollo :__________ Family ID.:________

Resi. Address :______________________________

________________ Pincode:__________ Landline:__________

Company Name & Address :______________________________

__________________________ Pincode:__________

E-mail Id :________________ Cell :________________

Self Employed / Professionals / etc.) ☐ Yes ☐ No    Passport Size Photo / Logo Upload Link

Website :____________________ Do You Have A Logo ? ☐ Yes ☐ No

Give Brief Details of Your Business & Items or Company Tagline :

________________________________________

________________________________________

## Online Form: www.patanmandal.org/businessdirectory

Please ✓ on following categories

## ☐ TRADERS  ☐ MANUFACTURERS

| | | | |
|---|---|---|---|
| ☐ Bullion | ☐ Jewellery | ☐ Chemical | ☐ Textiles |
| ☐ Diamond | ☐ Imitation Jewellery | ☐ Pharmaceutical | ☐ Garments |
| ☐ Gems & Stones | ☐ Specify.................. | ☐ Medicines | ☐ Yarn |
| ☐ Machinery | ☐ Electrical | ☐ Construction | ☐ Automobile Accessories |
| ☐ Tools & Bearings | ☐ Electronics | ☐ Building Materials | ☐ Spare Parts |
| ☐ Engineering | ☐ Appliances | ☐ Home Materials | ☐ Specify.................. |
| ☐ Computer Accessories | ☐ Export-Import | ☐ Food | |
| ☐ Paper | ☐ Stationary | ☐ Catering | |
| ☐ Printing & Publishing | ☐ Instruments | ☐ Specify.................. | |

## ☐ SERVICES & BROKERS

| | | | |
|---|---|---|---|
| ☐ Financial | ☐ Real Estate Brokerage | ☐ Laboratory | ☐ Architect |
| ☐ Insurance & Postal savings | ☐ Portfolio Management | ☐ IT & Software | ☐ Interior/Graphic Designer |
| ☐ Equity & Mutual Fund | ☐ Tours & Travels | ☐ Accounting | ☐ Event Management |

## ☐ HOME ENTREPRENEURS

| | | | |
|---|---|---|---|
| ☐ Food Items | ☐ Fashion Designing | ☐ Home Decor | ☐ Yoga/Reiki |
| ☐ Cooked Food | ☐ Tailoring | ☐ Handicraft | ☐ Vastu/Feng-Shui |
| ☐ Specify.................. | ☐ Embroidery | ☐ Painting | ☐ Counselling |

**For Startups Please Fill Online Form**

## ☐ PROFESSIONAL FIRM

| | | | |
|---|---|---|---|
| ☐ CA/CFA/Auditor/Accountant/TAX Consultant | | ☐ Doctor-General Physician | ☐ Surgeon |
| ☐ Lawyer/Advocate | ☐ Physiotherapist | ☐ Dcotor-Specialist | ☐ Paramedicals |

# શૈક્ષણિક, મેડિકલ અને ઉદ્યોગલક્ષી સહાય અંગે સંમેલન



ઉપપ્રમુખ શ્રી વી.પી. શાહ



આમંત્રિત સભ્યો



શ્રી રીથીનભાઈ વારૈયા

તા. ૨૧-૦૪-૨૦૧૯ના રવિવાર સવારે ૧૦.૦૦ વાગ્યે ભાયંદર, તપોવન વિદ્યાલયમાં શ્રી પાટણ જૈન મંડળ દ્વારા વસઈથી બોરીવલી વસતા પાટણના લગભગ ૧૫૦ આમંત્રિત સભ્યોને સાંકળી એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સંસ્થાના હોદ્દેદારો ૯.૩૦ વાગ્યાથી હાજર થઈ ગયા હતા. ૧૦.૦૦ વાગ્યે **શ્રીમતી પ્રીતિબેન નિલેશભાઈ દ્વારા નવકાર મંત્રનું સ્મરણ કરી સેમિનારની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ.** મંડળના પ્રમુખશ્રીએ તેમના સંક્ષિપ્ત પ્રવચનમાં શતાબ્દી ઉજવણી વર્ષમાં સંસ્થા દ્વારા યોજાનાર ભાવિ કાર્યક્રમો બાબત માહિતી આપી હતી. **ઉપપ્રમુખ શ્રી વિરેન્દ્રભાઈ પી. શાહે** બોરીવલી અને વસઈ વચ્ચે રહેતા આપણા સમાજના પરિવારોને સંસ્થા મેડિકલ સહાય તેમજ શૈક્ષણિક સહાય અને ખાસ કરીને ઉચ્ચ અભ્યાસ તેમજ સ્કીલ ડેવલોપમેન્ટના વિવિધ કોર્સ કરી સ્વાવલંબી બનવા માગતા સમાજના સભ્યોને શિક્ષણ સમિતિના માધ્યમથી સંસ્થા વિવિધ રીતે મદદરૂપ થવા માગે છે તેની જાણ કરી. વિદેશમાં અભ્યાસ કરવા ઈચ્છુક વિદ્યાર્થીઓને સંસ્થા અગાઉ જે ત્રણ લાખ રૂપિયાની વ્યાજમુકત લોન આપતી હતી તે પાંચ લાખ સુધીની કરવામાં આવી છે, તેની જાહેરાત કરવા સાથે સભ્યોને જાણ કરવામાં આવી હતી કે, આપણી પાટણ બેન્ક પણ હવે ઓછા વ્યાજે એજ્યુકેશન લોન આપશે જેથી આપણા સમાજના પરિવારોને તેમના બાળકોને ઉચ્ચ અભ્યાસ કરાવવા આર્થિક સહકાર મળશે.

સમાજના સૌ સભ્યોને મેડિકલ સારવાર શ્રેષ્ઠ મળી રહે તે માટે મેડિક્લેઈમ પોલીસી ફરજિયાત લેવીજ જોઈએ પોલીસીના પ્રિમીયમ ભરવામાં આર્થિક તકલીફ હોય તેવા માટે સંસ્થા જરૂરી સહાય આપે છે, પરંતુ મેડિક્લેઈમ પોલીસી સૌએ સ્વતંત્ર રીતે કઢાવવાની હોય છે. આપણા સભ્યો માટે તેમના કુટુંબના સભ્યોની સંખ્યા પ્રમાણે કઈ મેડિક્લેઈમ પોલીસી બહેતર રહે તેમજ લોભામણી જાહેરાતોથી ગેરમાર્ગે દોરવાયા વગર મેડિક્લેઈમ પોલીસી લેતી વખતે કઈ કઈ બાબતો ધ્યાન રાખવી અને હૉસ્પિટલમાં એડમીટ થતી વખતે પણ કઈ બાબતોનું ખાસ ધ્યાન રાખવું એ બાબત વિસ્તારપૂર્વક ઈન્સ્યુરન્સ ક્ષેત્રના નિષ્ણાત **શ્રી રથીનભાઈ વારૈયાએ** બહુજ સરસ રીતે સમજાવ્યું. હાજર સભ્યોના દરેક પ્રશ્નોના તેઓશ્રીએ ખૂબજ સરળ અને સંતોષકારક ઉત્તરો આપ્યા હતા.

તેમના વક્તવ્ય અને શ્રોતાઓના પ્રશ્નોનાં અપાયેલ ઉત્તરોથી સૌ પ્રભાવિત થયા હતા અને સમાજના અન્ય સભ્યો પણ મેડિક્લેઈમ પોલીસી તેમજ ઈન્સ્યુરન્સ પોલીસી કઢાવતા પહેલા પોલીસી અને ક્લેઈમની આંટી-ઘુટીમાં ફસાયા વગર પોતાના ક્લેઈમ મેળવી શકે તે માટે નજીકના ભવિષ્યમાં સંસ્થાએ બીજો એક મોટો સેમિનાર રાખવાનું વિચાર્યું છે. સ્થળ અને તારીખની જાહેરાત ટૂંક સમયમાં કરવામાં આવશે.

સંસ્થાના **ઉપપ્રમુખ શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહે** સમાજ ઉત્કર્ષ સમિતિ તેમજ ઈકોનોમિક અપ્લીફ્ટમેન્ટ કમિટી સાથે રહી સમાજના આર્થિક રીતે સ્વાવલંબી બનવા માગતા સભ્યોને એમના ગૃહઉદ્યોગ, વ્યાપાર-વ્યવસાય વિગેરેમાં જુદી જુદી અનેક રીતે સંસ્થા મદદરૂપ થઈ શકે તે વિશે વિસ્તૃત માહિતી આપી સભ્યોને તેમની એપ્લીકેશનો સમિતિને મોકલી સંપર્ક કરવા આહવાહન કર્યું હતું અને કાર્યક્રમની સમાપ્તિ પછી આ સમિતિએ બે કલાક બેસીને ત્યાં મળેલી અરજીઓ ઉપર સકારાત્મક નિર્ણયો લીધા હતાં.

આ પ્રસંગે સ્વરૂચી ભોજનનો પણ સંસ્થા તરફથી પ્રબંધ કરવામાં આવેલ. આપણાજ સમાજના વિરાર રહેતા **શ્રી સુકેન પિયુષભાઈ જેશંગલાલ કેટરર્સ (મો. ૯૯૬૦૧૨૪૮૪૩) સવારે** નાસ્તો તેમજ સ્વાદિષ્ટ ભોજન આપેલ.

મેડિકલ સમિતિના સેક્રેટરી **શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહે** ઉપસ્થિત સભ્યોને માહિતી આપતા જણાવ્યું હતું કે અન્ય સમાજમાં પરણેલી આપણા સમાજની બહેનોના પરિવારને પણ આપણી સંસ્થા મેડિકલ તેમજ શૈક્ષણિક સહાય કરે છે. સંસ્થાના સંચાલકોએ આપેલ માર્ગદર્શિકા પ્રમાણે દરેક સમિતિ કાર્ય કરે છે, એટલે કોઈની પણ સિફારસ કે ભલામણ વગર દરેક અરજીનો નિકાલ ૧૫ દિવસની અંદર થઈ જાય એવી તકેદારી રાખાય છે. શ્રી રીથીનભાઈ વારૈયા, તેમજ તપોવન વિદ્યાલયના સંચાલકો અને ભાયંદર-વિરારના કાર્યકર્તાઓ **શ્રી નિલેશભાઈ કાંતિલાલ શાહ, નિલેશભાઈ રમેશચંદ્ર શાહ તેમજ દ્વીપ પંકજભાઈ (ભાયંદર), દેવાંગ અશોકભાઈ (ભાયંદર), નિલેશભાઈ અરૂણભાઈ શાહ (ગોરેગામ) તેમજ જીજ્ઞેશભાઈ ગીરીશભાઈ શાહનો સેમિનારનું સુંદર આયોજન કરવા બદલ હાર્દિક આભાર** માનવામાં આવેલ.

**❑સમાજ ઉત્કર્ષ સમિતિ**

# શતાબ્દી ઉજવણી ફંડ

## રૂા. ૫,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતા



શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ
(સિદ્ધચક્રની પોળ)



શ્રી વિરેન્દ્રભાઈ પોપટલાલ શાહ
(મલ્લાતનો પાડો)



શ્રી દિપકભાઈ રેવંતીલાલ શાહ
(કનાસાનો પાડો)



શ્રી તુષારભાઈ પ્રવિણચંદ્ર શાહ
(ઢંઢેરવાડો)



શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી
(સિદ્ધચક્રની પોળ)



શ્રી સેવંતીલાલ ખેમચંદ શાહ
(કુંભારીયા પાડો)



શ્રી પ્રદિપભાઈ રમણલાલ શાહ
(કુંભારીયા પાડો)



શ્રી વીનુભાઈ પનાલાલ શાહ
(ચોધરીની શેરી)



શ્રી મહેન્દ્રભાઈ પોપટલાલ શાહ
(કુંભારીયાપાડો)



શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ
(સાલવી વાડો)



બાબુ નરેન્દ્રકુમાર પનાલાલ
(ખજુરીનો પાડો)



બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી
(ખેતરવસી)

# શતાબ્દી ઉજવણી ફંડ

## રૂા. ૫,૦૦,૦૦૦/- નું દાન આપનાર દાતા



શ્રી પ્રમોદભાઈ પ્રેમચંદ તેલીયાવાળા
(મનમોહનજીની શેરી)



શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ
(ડંકમહેતાનો પાડો)



શ્રી ગુણવંતલાલ મણિલાલ શાહ
(ભાભાનો પાડો)



શ્રીમતી ભગવતીબેન વિનોદચંદ્ર શાહ
(માટલીવાળા) (કનાસાનો પાડો)



શ્રી વસુમતીબેન સેવંતીલાલ શાહ
(ચિતારાની ખડકી)



શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ
(કેશુશેઠનો પાડો)



શ્રીમતી નિર્મળાબેન રવિન્દ્રભાઈ શાહ
(ખજુરીનો પાડો)



શ્રી કાંતાબેન શાંતિલાલ શાહ
(પોળની શેરી)



શ્રીમતી હંસાબેન પ્રફુલભાઈ ઝભલાવાળા
(ખેતરવસી)



શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા
(કેશુશેઠનો પાડો)



શ્રીમતી ઉષાબેન જશવંતલાલ શાહ
(મલ્લાતનો પાડો)



શ્રી વિક્રમભાઈ નેમચંદભાઈ શાહ
(ખેતરવસી)

## World Autism Awareness Day

## નિમિત્તે શૈક્ષણિક યાત્રા પ્રવાસ



આ વખતે **બીજી એપ્રિલના World Autism Awareness Day નિમિત્તે મંડળની દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ દ્વારા Statue of Unityની યાત્રા** પર જવાનું નક્કી કર્યું. તેના માટે **સ્વ. શ્રી સુબીરભાઈ પ્રમોદભાઈ મહેતાની** યાદમાં દેવલાલી અને મણિલક્ષ્મીના યાદગાર પ્રવાસમાં શ્રીમતી પૂર્ણિમાબેન પ્રબોધભાઈ મહેતાની આ ત્રીજી વખતની સ્પોન્સરશીપ હતી. જેમાં ૨૨ બાળકો સાથે ૫૨ વ્યક્તિએ ભાગ લીધો હતો.

પહેલા ભરૂચ શ્રી મુનીસુવ્રત સ્વામી, સમડી વિહાર તથા ભક્તામર શ્રી આદિશ્વર દાદાના દર્શન કર્યા પછી ઝઘડીયાજીમાં શ્રી આદિશ્વરદાદાની ભક્તિ કરી, બપોરે પ્રયાણ કર્યું Statue of Unity માટે. જેનું આપણા લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી હસ્તક લોકાર્પણ થયું છે.. અહીંનો Sound and lights Show અદ્‌ભુત છે. બીજે દિવસે સ્નાત્ર પૂજા પછી બરોડાનું મ્યુઝિયમ અને સયાજીબાગમાં બધાને ખૂબ જ મજા પડી, ત્યાંની મીની ટ્રેનની રાઈડ બધાને ખૂબ આનંદિત કરી ગઈ ઝઘડીયાજી સંપૂર્ણ સહયોગ શ્રીમતી નીતાબેન કેતનભાઈ શાહ તરફથી અને બરોડામાં ડીનરની વ્યવસ્થા શ્રી વિશાલભાઈ રાજુભાઈ તરફથી કરવામાં આવી હતી.

## અનુમોદનીય સેવા ભક્તિ

શારીરિક રીતે અશક્ત હોવાથી જેઓ મંદિરમાં જઈ પ્રભુ ભક્તિ કરી શકતા નથી તેઓને હંમેશા મનમાં રંજ હોય છે અને પ્રભુદર્શનની સૌથી વધારે ખેવના થતી હોય છે. આવી દરેક વ્યક્તિને ઘરેથી લાવવા માટે વ્હીલચેર અને એમ્બ્યુલન્સનો ઉપયોગ કરી શ્રી ધર્મનાથ જિનાલય, જવાહર નગર, ગોરેગામ (વે) લઈ જઈ જીન પૂજા તથા ભક્તિ કરાવાઈ હતી. આવનાર દરેક વ્યક્તિના દૂધથી પગ પખાલી તથા ચાંદલો કરીને સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ અષ્ટપ્રકારી પૂજા તેમજ ચૈત્યવંદન કરાવવામાં આવેલ. આ સમયે ગુરુભગવંત દ્વારા માંગલિક સંભળાવવામાં આવતું અને વાસક્ષેપથી પૂર્ણ આશીર્વાદ પણ આપવામાં આવતા. ત્યારબાદ તરત જ ભગવાન સાથે પોતાનું યાદગાર ચિત્ર તથા ગીની અને ધૂપ-અગરબત્તીની પ્રભાવના કરવામાં આવી હતી.

પ્રભુભક્તિના આ સેવા યજ્ઞમાં લગભગ ૧૪૦ વ્યક્તિઓને સ્વયંસેવકોએ પોતાના બાહુમાં ઝીલીને ભાવપૂર્વક પૂજા કરાવી તે ખરેખર દાદ માંગી લે તેવું અનુકરણિય કાર્ય છે. શ્રી કાંદિવલી મંડળ પ્રેરિત અને નેમ ગિરનાર પરિવાર આયોજિત આ સુંદર આયોજન દરમ્યાન મંડળના દરેક સભ્યો ખડેપગે સેવામાં ઉપલબ્ધ હતા.

પાટણ નિવાસી ખડાખોટડીના પાડાના સ્વ. **શ્રીમતી અરૂણાબેન વ્રજલાલ શાહની યાદમાં તેમના સુપુત્ર શ્રી અતુલભાઈ તથા શ્રીમતી યોગીતાબેન** ઉપર્યુક્ત અનુમોદનીય સદ્‌કાર્યના સૌજન્યદાતા હતા.

**નથી બીજું કમાયા કંઈ,**
**જીવનની એજ કમાઈ છે**
**અમારે મન જીવનની મૂડી,**
**અમારી માણસાઈ છે.**


## મુંબઈ યુનિવર્સીટી દ્વારા જૈન ધર્મ ફિલોસોફી અભ્યાસ

• પાર્ટ ટાઈમ સર્ટિફિકેટ કોર્સ • અઠવાડિયામાં એક દિવસ ફક્ત ચાર કલાક • સરળ ભાષામાં જૈન ધર્મ ફિલોસોફીની સમજ

• કોર્સ જૂન ૨૦૧૭થી માર્ચ ૨૦૨૦ (અંગ્રેજી, ગુજરાતી, હિન્દી કે મરાઠીમાં ઉત્તર પત્રિકા)

**Course Fees for 2019-20 : Rs. 1,815**

**Four Centres In Mumbai For Certificate Course**

| Center | Day & Time (Lecture) | Admission Contact | |
|---|---|---|---|
| Marine Lines<br>Shankunatala School | Every Thursday<br>Afternoon 3 to 7 | Bharat Virani<br>Rupal Shah | 9869037999<br>9967061303 |
| Borivali (W)<br>M. K. School | Every Sunday<br>Morning 9 to 1 | Jayshree Doshi<br>Kapila Shah | 9323761513<br>9892019219 |
| Ghatkopar (E)<br>Ramji Asar School | Every Sunday<br>Morning 9 to 1 | Ritesh Bhayani<br>Bela Thosani | 9867209804<br>9833231215 |
| Santacruz (E)<br>Kalina University Complex | Every Saturday<br>Aternoon 1 to 5 | Parul Shah<br>Jehil Jhaveri | 9819071314<br>9869665290 |

Chief Admission Co-ordinator : Kavita Shah : Mo. : +91 8850391020 : Email: cashahkavita@gmail.ocm
Managing Trustee : Dr. Bipin Doshi - Web Site: www.jainphilosophy.org

ADVT

# શ્રી પાટણ જૈન મંડળ - ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રી ફેર સમિતિઓ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શતાબ્દી ઉજવણી પ્રસંગે યોજાયેલ **શનિવાર, તા. ૧૪ તથા રવિવાર, તા. ૧૫ સપ્ટેમ્બરના ''ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રિ ફેર''ના** વિવિધ આયોજનો માટે નિમાયેલ સમિતિઓની નામાવલી (in Alphabetic Order), વિસ્તાર, મોબાઈલ, ઈમેલ તથા મહોલ્લાની વિગતો અત્રે પ્રગટ કરવામાં આવે છે. સમાજના સભ્યોને આમાંના કોઈનોપણ વ્યક્તિગત સંપર્ક કરવો હોય તો નીચે દર્શાવેલ માહિતી ઉપયોગી થશે.

## CO-ORDINATING COMMITTEE

| Sr.No. | Name | Designation | Resi | Mobile | E-mail | Maholla |
|---|---|---|---|---|---|---|
| 1 | Dineshbhai Shantilal Shah | Presidant | M.Drive | 9322225072 | dinesh.shahff@gmail.com | Siddhchakrani Pole |
| 2 | Virendrabhai Popatlal Shah | Member | Walk | 9819294964 | vpshah@iscpl.com | Mallatno Pado |
| 3 | Ashwinbhai Panalal Shah | Member | Chpty | 9322229411 | apshah.jewels@gmail.com | Khet-Mahade |
| 4 | Bharatbhai Nemchand Shah | Member | M.Drive | 9821042230 | bharat@sk1932.com | Kumbharia Pado |
| 5 | Chandravadan Sarabhai Shah | Member | Walk | 9323138405 | cshah@hemanttools.co.in | Kumbharia Pado |
| 6 | Daneshbhai Vinodchandra Matliwala | Member | V Par | 9930891985 | danesh.shah@znlbearings.com | Kanasano Pado |
